વડીલોને વંદન અભિનંદન


કાંતિલાલ બાલાશંકર વ્યાસ
(૧૯૩૯) મો. ૯૮૨૫૦૩૩૦૭૪

મંજુલાબેન હરજીવનદાસ પંચાલ
(૧૯૪૨) ફોન: ૨૩૨૨૨૬૮૮


મોહનલાલ ભાણાભાઈ મકવાણા
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૬૨૯૪

શરદચંદ્ર ભેતનરાય વ્યાસ
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૫૪૪૩


પોપટલાલ રામજીભાઈ પટેલ
(૧૯૪૭) મો. ૯૭૧૨૫૭૨૭૨૯

મોદી દ્વારા શક્તિપીઠ દર્શન પરિક્રમાનું લોકાર્પણ કરાશે

૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા માર્ગના લોકાર્પણને લઈને ઉત્સાહ : યાત્રાધામના વિકાસ માટે અનેક કાર્યક્રમો થશે

ગાંધીનગર, તા. ૦૩

સમગ્ર વિશ્વમાં શક્તિના સ્રોત સમા ૫૧ શક્તિપીઠો આવેલા છે. આ તમામ તીર્થસ્થાનોના એક જ જગ્યાએ દર્શન થઈ શકે તે માટે ગુજરાત સરકારના સહયોગ અને માર્ગદર્શન હેઠળ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મા અંબાના પાવન ધામ અને શક્તિપીઠ એવા યાત્રાધામ અંબાજી ખાતે આ ૫૧ શક્તિપીઠોની પ્રતિકૃતિનું નિર્માણ કર્યું છે. આગામી તા. ૧૧ ફેબ્રુઆરીથી તા. ૧૩ ફેબ્રુઆરી ત્રણ દિવસ સુધી યોજાનારા આ ૫૧ શક્તિપીઠ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા માર્ગ માઈભક્તો માટે લોકાર્પિત થશે.

આ શ્રી ૫૧ શક્તિપીઠ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની વિસ્તૃત વિગતો આપતા દેવસ્થાન અને પવિત્ર યાત્રાધામ વિભાગના રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પત્રકારોને જણાવ્યું હતું કે, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના આ ત્રિદિવસીય ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો દરમિયાન તા. ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી બંને દિવસો દરમ્યાન જીએમડીસી મેદાન ખાતે રાત્રે ૮:૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ યાત્રાધામ અંબાજી ખાતે ભવ્ય શોભાયાત્રા યોજાશે. મુખ્યમંત્રી તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ શ્રી ૫૧ શક્તિપીઠ દર્શન પરિક્રમા માર્ગને લોકાર્પિત કરશે. જાડેજાએ એમ પણ જણાવ્યું હતું કે, આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં લોકો પણ સહભાગી થઈ શકે તે માટે જુદી જુદી ધાર્મિક વિધિઓ માટે યજમાનો માટે યોજના પણ બનાવાઈ છે. સમગ્ર કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાઈને મા અંબાની ભક્તિનો લ્હાવો લઈ શકે તે માટે ગુજરાતભરના માઈભક્તોને જોડવા દસ શક્તિરથો રાજ્યમાં પરિભ્રમણ કરી રહ્યા છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અનેકવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં લોકાપર્ણના પ્રોજેક્ટ અંતર્ગત ૨૦૦ પથારીની અદ્યતન હોસ્પિટલ, ગબ્બર પર્વતની ટોચ વિસ્તૃકરણ, પ્રદર્શન ગેલેરી અને થ્રી ડી મુવી શો ઉપરાંત હિલીયમ બલુન, જીપ લાઈન અને અન્ય સ્પોર્ટસ પ્રવૃત્તિઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભૂમિપૂજન સંદર્ભના વિકાસ કામોમાં ગબ્બર પગથિયા નવીનીકરણ, પરિક્રમા માર્ગ લેન્ડસ્કેપીંગ, વન વિભાગ દ્વારા થીમ પાર્કનું નિર્માણ, તેલીયા નદી ઉપર ચેકડેમ, અક્ષયપાત્ર દ્વારા ભોજનાયલ અને પ્રસાદગૃહની સેવાઓનો શુભારંભ, ભોજનાયલ-પ્રસાદગૃહના નિર્માણનો પ્રોજેક્ટ તેમજ પરિક્રમા માર્ગમાં સોલાર સ્ટ્રીટ લાઈટના નિર્માણના કામો જેવા કામોનો સમાવેશ થાય છે. આ સિવાય ટ્રસ્ટ દ્વારા નજીકના ભવિષ્યમાં સંસ્કૃત મહાવિદ્યાલય અને સૂર્યઉર્જા દ્વારા શક્તિપીઠ સંકુલના ઈલ્યુમિનેશન જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવશે.

બનાસકાંઠા કોંગ્રેસના પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાજપમાં જોડાયા

હું પણ કોંગ્રેસમાં હતો હવે પવન જે બાજુ ફૂંકાય તે તરફ પરિવર્તન કરો તો જ પ્રગતિ થશે - જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણનું નિવેદન બન્યું ટોક ઓફ ધ ટાઉન : ભાજપમાં પ્રવેશતાની સાથે જ મંચ સ્થાન અપાતા સંનિષ્ઠ કાર્યકર્મો નારાજગી

પાલનપુર, તા. ૩

આગામી લોકસભા ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષોએ મજબુત બનવા માટે કવાયત હાથ ધરી છે ત્યારે આજે પાલનપુરમાં આંબેડકર ભવન ખાતે બનાસકાંઠા ભાજપમાં પ્રવેશ કરતા કોંગ્રેસ આગેવાનો માટેનો એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોંગ્રેસ પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ વિજય ચક્રવર્તી આજથી કોંગ્રેસને રામરામ કરી વિધિવત રીતે ભાજપમાં કાર્યકર્તા સાથે જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ હસ્તે કેસરીયો ખેસ પહેરીને પ્રવેશ કર્યો હતો જો કે જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણએ પોતાના પ્રવચનમાં હું પણ કોંગ્રેસમાંથી આવ્યો છું. રાજકારણમાં જે બાજુ પવન ફુંકાય તે તરફ પરીવર્તન કરો તો જ પ્રગતિ થશે તેવું ભાષણ કરતા તે ટોક ઓફ ધ ટાઉન બન્યું હતું.

ભાજપ પ્રવેશની પંદર મિનિટ પછી કર્મચારી કલ્યાણતંત્ર ભવનમાં યોજાયેલ જિલ્લા ભાજપની કારોબારી સમિતિની બેઠકમાં શ્રી વિજય ચક્રવર્તીને મંચ ઉપર સ્થાન આપવામાં આવ્યું હતું.

આ દૃશ્ય જોઈ નિષ્ઠાવાન કાર્યકર્તાઓમાં ચર્ચાઓ થવા માંડી કે પક્ષમાં પ્રવેશ કરતાની સાથે જ મંચ ઉપર સ્થાન આપવું ઉચીત નથી.

કેન્દ્રના નાણાંથી બનતા 'એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમ'ને મુખ્યમંત્રી આવાસ યોજના તરીકે ઓળખાવવાના હીન પ્રયાસ સામે નિશીત વ્યાસનો આક્રોશ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના ૧૬ લાખ કરતા વધુ ઘરવિહોણા પરિવાર માટે મગરના આંસુ સારતી ભાજપ સરકારને ''એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમ'' ૧૭ વર્ષ બાદ યાદ આવી છે ત્યારે, મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે મકાનો વાસ્તવમાં રાજીવ આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવણી કરેલ નાણાંમાંથી બન્યા છે ગરીબોમાં ભ્રામકતા ઉભી કરવાના મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોની ઝાટકણી કાઢતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નીશિત વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરોમાં ઊભા થયેલ ઝુંપડપટ્ટી (સ્લમ) ને દૂર કરી તેમાં રહેતા લોકોને મુખ્યત્વે તે જ સ્થળે પાયાગત સુવિધા પૂર્ણ આવાસ પુરા પાડવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા રાજીવ આવાસ યોજના અમલીકૃત બનાવેલ છે.

જેનો સમયગાળો વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૨ સુધીનો નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રીશ્રી નીશિત વ્યાસે રાજીવ ગાંધી આવાસ યોજનાના ગુજરાતના ગરીબ-આર્થિક નબળા વર્ગના પરિવારોને કે જેમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) આવાસ યોજના, ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG) આવાસ યોજના અને EWS તથા LIG આવાસો માટે વ્યાજ સબસીડી યોજનાઓ અમલીકૃત છે. કોંગ્રેસના શાસનમાં ધમધમતું હાઉસીંગ બોર્ડ દ્વારા લાખો પરિવારોને નજીવી કિંમતે ઘરનું ઘર ઉપલબ્ધ થયું તે ગુજરાત હાઉસીંગ બોર્ડ ભાજપ સરકારે મૃતઃપ્રાય બનાવી દીધું. સ્લમ ક્રિયરન્સ બોર્ડ અને હળપતિ આવાસ યોજના બંધ કરીને સામાન્ય-ગરીબ પરિવારોના ''ઘરનું ઘર'' મેળવવું મુશ્કેલ બની ગયું.

કેન્દ્ર સરકારની 'રાજીવ આવાસ યોજના' અન્વયે ગુજરાતમાં બની રહેલા મકાનો માટે રાજ્યના મુખ્યમંત્રી પોતાની યોજના ભાજપ સરકાર દ્વારા મકાનોનો ડ્રો અને તે દ્વારા ગરીબો વચ્ચે ભ્રામકતા ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ, મળતીયા બિલ્ડરો સાથે સાંઠગાંઠથી મકાનો અતિ મોંઘા બનાવી દીધા અને હવે બિલ્ડરોના લાભાર્થે ગરીબો પર દયાદૃષ્ટિની વાત પાછળ પણ, ભાજપ સરકારની માલેતુજાર નીતિ જવાબદાર છે.

કોંગ્રેસપક્ષની માંગ છે કે, રાજીવ આવાસ યોજના અન્વયે બની રહેલ ગરીબો માટેના મકાનોમાં ભ્રષ્ટાચાર દૂર કરવામાં આવે. પારદર્શક ડ્રો. સિસ્ટમ અમલમાં મૂકવામાં આવે અને મુખ્યમંત્રીશ્રી ગુજરાત હાઉસીંગ બોર્ડ, સ્લમ ક્રિયરન્સ બોર્ડને પુનઃ જીવીત કરે.

શહેરમાં હવે લોકોને ગરમીનો અનુભવ : ગરમ વસ્ત્રો દૂર થયા

વહેલી સવારમાં ગુલાબી ઠંડીનો અનુભવ પરંતુ બપોરમાં તીવ્ર તાપનો અનુભવ : હવે પંખા-એસી ચાલુ થઈ ચુક્યા

અમદાવાદ,તા. ૩

અમદાવાદ સહિત રાજ્યમાં હવે ગરમીનો અનુભવ લોકો કરવા લાગી ગયા છે. બપોરના ગાળામાં વધારે તાપનો અનુભવ લોકો કરી રહ્યા છે. જો કે શહેરમાં હવે ગરમ વસ્ત્રોમાં ખુબ ઓછા લોકો જોવા મળી રહ્યા છે. તાપમાનમાં હજુ વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

પ્રદેશ પર નીચલી સપાટીએ સુખા પવનો ફુંકાઈ રહ્યા છે. તાપમાન આવતીકાલે પણ અમદાવદમાં ૧૬ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. જો કે વહેલી સવારે હજુ લોકોને ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં આજે સૌથી વધારે લઘુત્તમ તાપમાન ઈડરમાં રહ્યો હતો. અહીં ૧૯.૯ ડિગ્રી તાપમાન રહ્યો હતો. હવામાન વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. જો કે હાલમાં રોગચાળાને લઈને ખતરો તોળાઈ રહ્યો છે. આવી સ્થિતીમાં બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાની જરૂર છે. જો કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા કેટલાકપગલા લેવામાં આવ્યા છે. છતાં હાલમાં ખાનગી અને સરકારી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળી રહ્યા છે.

પંખા અને એસી ચલાવવાની શરૂઆત પણ લોકો કરી ચુક્યા છે. બપોરના ગાળામાં તમામ ઓફિસો અને ઘરમાં પંખા અને એસીનો ઉપયોગ લોકો કરવા લાગ્યા છે.

ઝવેરી લૂંટ-હત્યા કેસના ત્રણ આરોપીને ૧૪ દિનના રિમાન્ડ પર સોંપી દેવાયા

અમદાવાદ ગ્રામ્ય સેશન કોર્ટમાં ત્રણેય આરોપીઓને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રજૂ કરીને રિમાન્ડની માંગ કરાઈ

અમદાવાદ, તા. ૦૩

શહેરના શીવરંજની વિસ્તારમાં થયેલ હિતેશ ઝવેરી લૂંટ-હત્યા કેસમાં શહેર ક્રાઈમબ્રાન્ચ દ્વારા પકડાયેલા ત્રણેય આરોપીઓને રિમાન્ડ અર્થે અમદાવાદના ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેમાં જજ એમસી ભટ્ટે કેસની ગંભીરતાની નોંધ લઈ ત્રણેય આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. હવે ૧૪ દિવસના રિમાન્ડમાં પોલીસને ત્રણેય આરોપીઓ પાસેથી શહેરમાં થયેલા અન્ય ગુનાઓની પણ માહિતી મળશે.

આ કેસની વિગત એવી છે કે અમદાવાદના શિવરંજની વિસ્તારમાં વાસી ઉત્તરાયણના દિવસે મોટરસાયકલ પર સવાર શખ્સોએ હિતેશ ઝવેરીની પોઈન્ટ બ્લેંકથી ગોળી મારી હત્યા કરી નાંખી હતી. ઉપરાંત ૧ કરોડ રૂપિયાની લૂંટ પણ ચલાવી હતી. લૂંટ-હત્યાની ઘટનામાં પોલીસને ૧૫ દિવસના અંતે આરોપીઓને પકડવામાં સફળતા મળી હતી. ૯૦ પોલીસ અધિકારીઓએ સંકલન કરીને આખુ ઓપરેશન પાર પાડ્યું હતું. જેમાં દિલ્હી અને યુપીના બે આરોપીઓ સહિત અમદાવાદના ફતેહવાડીમાંથી એક આરોપી સહિત કુલ ત્રણ આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ પોલીસે આ ત્રણેય આરોપીઓને રિમાન્ડ અર્થે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજુ કર્યા હતા. કોર્ટના સરકારી વકીલ એચએમ કાપડીયાએ રિમાન્ડ અર્થે ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે લૂંટ-હકશ્વત્યાકેસમાં ફરાર આરોપી ઈકરામ ઉર્ફે લંબુ અને વિજેન્દ્ર ઉર્ફે ડોકટરના પુરા નામ અને સરનામા મેળવવાના બાકી છે. આરોપીઓ પિસ્તોલ ક્યાંથી લાવ્યા હતા, આ લોકોની ગેંગમાં હજુ કેટલા લોકો સંકળાયેલા છે, ફાયરીંગ વખતે કેટલા લોકો હાજર હતા, ઉપરાંત તેઓએ અન્ય કોઈ હત્યા-લૂંટ જેવા ગુનાઓ કર્યો છે કે કેમ ? અને અન્ય કેટલીય વિગતો હજુ કઢાવવાની બાકી છે. આરોપીઓએ પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે તેથી ત્રણેયના ૧૪ દિવસના રિમાન્ડ મળવા જોઈએ. સરકારી વકીલ એચએમ કાપડીયાની ધારદાર દલીલોની નોંધ લઈ જજ એમસી ભટ્ટે ત્રણેય આરોપીઓ અકીલ અહેમદ અબ્દુલ કરીમ જેહાજુ, તેનો ભાઈ કફીલ અહમદ કરીમ અને ઝબુર રહેમાનીના ૧૪ દિવસના રિમાન્ડ મંજુર કર્યો છે.

ગ્રામ્ય સેશન્સ કોર્ટે શહેરમાં છેલ્લા ઘણા સમયથી વધી રહેલી ક્રાઈમની ઘટનાઓને ધ્યાનમાં રાખી અને કેસની ગંભીરતા લઈ પોલીસને ૧૪ દિવસના રિમાન્ડ આપ્યા છે તેવી લોકમુખે ચર્ચા થઈ રહી છે.

નામ પહેલા આઈ.આઈ.એમ. બ્રીજનું લોકાપર્ણ પણ કરી દેવાયું

અમદાવાદ, તા. ૦૩

અમદાવાદ શહેરમાં સોમવારના રોજ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આઈઆઈએમ બ્રીજનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદના શહેરીજનો છેલ્લા કેટલાક સમયથી આ બ્રીજના ઉદઘાટનની રાહ જોઈ રહ્યા હતા. સોમવારના રોજ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ સાથે જ અમદાવાદનો સૌથી નીચો બ્રીજ શહેરીજનો માટે ખુલ્લો મુકી દેવામાં આવ્યો છે જેને કારણે આ રૂટ પર લોકોને ટ્રાફીકની સમસ્યાનો સામનો નહીં કરવો પડે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ગુજરાતની સ્થાપિત હિતો ભલે બદનામ કરે, વિકાસ અમારો મંત્ર છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત ગમે તેવા અવરોધો વચ્ચે પણ વિકાસના મંત્ર સાથે આગળ આવીને સફળ થયું છે. તમામ સમસ્યાનું સમાધાન જ વિકાસમાં રહેલું છે. ગુજરાત આજે વિકાસની ધરોદર બન્યું છે. દુનિયામાં વિકસતા શહેરોમાં અમદાવાદ, સુરત અને વડોદરા જેવા શહેરોનો સમાવેશ થયો છે. આજે રિવરફ્રન્ટએ વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ બની રહ્યું છે.

રિવરફ્રન્ટમાં સીસીટીવી કેમેરા વાને તમામનું ધ્યાન ખેંચ્યું છે.

શબ્દાવલી - ૫૩૦૩



આડી ચાવી

૧. વરસાદમાં આકાશમાં સપ્તરંગી અર્ધવર્તુળ આકાર સર્જાય તે (૫)
૪. પાણીમાં ગુંગળાતા બચવા કરાતા પ્રયાસ, ... ખાવા (૩)
૬. નિતિ બતાવતો નિયમ(૫)
૧૦. પરિશ્રમ (૪)
૧૧. પપ્પાના બા ને.... કહેવાય (૨)
૧૩. પ્રવાહી
૧૫. બોમ્બેમાં આવેલ એક પ્રખ્યાત ફિલ્મ સ્ટુડિયો (૫)
૧૭. પાર્ટ, નાટકમાં ભાગ ભજવે તે (૨)
૧૯. બાલદી, પાણી ભરવાનું પાત્ર (૨)
૨૦. સ્વાર્થ, અર્થ (૪)

ઊભી ચાવી

૧. ભીડ, લોકોનું ટોળું (૩)
૨. શુદ્ધ લોહીની નાડી (૩)
૩. પાક, પુષ્પ (૨)
૫. ગુજરાતનો એક પ્રદેશ(૪)
૭. બાણાવળી (૪)
૮. જમ, મૃત્યુનો દેવ (૨)
૯. મુદ્દત, સમય (૪)
૧૨. પુત્ર, સંતાન (૩)
૧૪. સહેલું (૩)
૧૫. સાપનું દર (૩)
૧૬. દવા, ગુમડા પર ચોપડાય (૩)
૧૮. ભરતીયુ (૨)

શબ્દાવલી ૫૩૦૨ના જવાબ

આડી ચાવી :- (૧) મનસુબો (૩) ગગન (૬) જડભરત (૮) સ્વીકૃતિ (૧) મીરા (૧૨) ત્યકતા (૧૪) મસ્તક (૧૭) ડરકણ (૧૯) ગરમ (૨૧) ખાજ (૨૨) મજા (૨૩) જરદો (૨૪) ઇજાજત (૨૫) ખીર

ઊભી ચાવી :- (૧) મનસ્વી (૨) બોજ (૩) ગભરામણ (૪) ગર (૫) નત (૭) ડમી (૯) કૃત્ય (૧૦) તિકડમ (૧૩) તાર (૧૫) કરજદાર (૧૬) ઉગમ (૧૮) કમુરત (૨૦) રજાઇ (૨૩) જજ

ભરતી કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કક્ષાએ પ્રાથમિક શિક્ષણને લગતા ખર્ચ માટે મંજૂર કરનાર અને ઉપાડ અધિકારી તરીકેની ફરજ બજાવવા ઉપરાંત જિલ્લાના અધિકારીની સૂચના મુજબ અનુદાનિત શાળાઓની ગ્રાન્ટ બાબતની કામગીરી અને અનુદાન ફાળવણીની પણ કામગીરી કરવાની રહેશે.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તાલુકા સંકલન સમિતિ, એ.ટી.વી.ટી. અને અન્ય તાલુકા સમિતિની બેઠકોમાં હાજરી આપી પ્રાથમિક શિક્ષકોને લગતા પ્રશ્નોને ઉકેલવા માટેની જવાબદારી પણ સંભાળવાની રહેશે.

આરોગ્ય, પંચાયત, મહિલા બાળકલ્યાણ જેવી અન્ય સરકારી કચેરી સાથે સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે તેમજ તાલુકા કક્ષાએ શિક્ષક પારિતોષિક માટે પસંદગી સમિતિના સભ્ય સચિવ તરીકે પણ ફરજ બજાવવાની રહેશે.

સાંસદોએ સંપર્ક કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છીએ કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો દેશમાં ગૌ હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાવીશું.

આ તબક્કે તેમણે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ચૂંટણી હારશે તેવી રાજકીય આગાહી કરી હતી. રામદેવ મહારાજે આસારામના સંદર્ભમાં પુછાયેલા પ્રશ્ન અંગે મૌન સેવ્યુ હતું. ભ્રષ્ટાચાર અને ગૌ-વંશ હત્યા અંગે રામદેવ મહારાજના વકતવ્ય સામે પત્રકારોએ ભારે વળતા પ્રશ્નોની ઝડી વરસાવી ગુજરાતના ભ્રષ્ટાચાર અને ગૌ-વંશ હત્યામાં કસાઈઓ સાથેની રાજકીય સાંઠગાંઠની વાત કરી ત્યારે બાબા રામદેવ મુંઝાઈ ગયા હતા અને નરેન્દ્ર મોદીના મુદ્દા આધારિત સમર્થનની વાત દોહરાવી હતી.

શાળામાંથી ગુમ બે બાળકોની ભાળ મેળવવામાં નિષ્ફળતા

ઉર્દૂ શાળામાં અભ્યાસ કરતા બાળકોને ગુમ થયાને મહીનો થયો હોવા છતાં ભાળ મળી નથી : અન્ય જગ્યાએ તપાસ

અમદાવાદ, તા. ૦૩

ઈસનપુર વિસ્તારની મિલ્લતનગર ઉર્દૂ શાળામાં અભ્યાસ કરતાં સલમાન અને અરબાઝ નામના બે માસુમ બાળકો ગુમ થયાને એક મહિના બાદ પણ પોલીસ આ બાળકોની ભાળ મેળવવામાં નિષ્ફળ નિવળી છે. ગત તા. ૩ જાન્યુઆરીના રોજ ઉર્દૂ શાળામાંથી જ ગુમ થયેલા બંને બાળકોને આજે રોજ બરોબર એક મહિનો પુરો થવા આવ્યો છે. બીજા રાજ્યોમાં તપાસ કરી ખાલી હાથે પરત ફરેલી ઈસનપુર પોલીસ માસુમોને શોધવા મુંબઈ, દિલ્હી, અજમેર સહિત મોટા શહેરોમાં પોલીસ સહિત એનજીઓની મદદ લઈ રહી છે. શાહ-આલમ મિલ્લતનગર ખાતે રહેતા અરમાનભાઈ મોહમ્મદભાઈ લઈકના બે પુત્રો પાંચ વર્ષીય અરબાઝ અને નવ વર્ષીય સલમાન વિસ્તારની જ ઉર્દૂ શાળામાં અભ્યાસ કરતાં હતા. ગત ૩ જાન્યુ.ના રોજ અરમાનભાઈના બંને પુત્રો શાળામાંથી ગુમ થઈ જતાં ઈસનપુર પોલીસે બંને બાળકોને શોધવાની તજવીજ હાથ ધરી હતી.

શહેર ઉપરાંત અજમેરની દરગાહના મૌલાના સહિત ઉત્તરપ્રદેશ તેમજ દિલ્હી જેવા મોટા શહેરોમાં બાળકોને શોધવા ઈસનપુર પોલીસની ટીમો રવાના થઈ હતી. પરંતુ તમામ સ્થલો પર બાળકોની કોઈ ભાળ ન મળતાં ઈસનપુર પોલીસ ખાલી હાથે પરત ફરી હતી. એક મહિના બાદ પણ અરબાઝ અને સલમાનની ભાળ ન મળતાં તેમનાં માતા-પિતા ચિંતાતુર બની શહેર પોલીસ કમિશ્નરને મળતાં કમિશ્નરે બાળકોની ભાળ મેળવવા મદદરૂપ બનવા મુંબઈના પોલીસ કમિશ્નરને આ અંગે એક પત્ર લખ્યો હતો. આ ઉપરાંત મુંબઈમાં બાળકોને મજુરી પર પખાયા હોવાની શંકાના આધારે પોલીસ દ્વારા મુંબઈની જુદી જુદી એનજીઓનો સંપર્ક સાધી પણ બંને બાળકોને શોધી કાઢવા માટે મદદ માંગી છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ગુજરાત સરકારનું સાહસ

જાહેર નિવિદા નંબર-૧૨ સને ૨૦૧૩-૧૪

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા (૧) 'એએ' વર્ગ અને ઉપરના કામનો અનુભવ ધરાવતી એજન્સીઓ પાસેથી (૧) વાત્રક ડેમ આધારિત એસ.કે.-૨ ભાગ-૧-'એ' અને 'બી' તથા માઝુમ ડેમ આધારિત એસ.કે.-૨ ભાગ-૨ 'એ' અને 'બી' તથા વાત્રક અને માઝુમ ડેમ આધારિત એસ.કે.-૩ ભાગ-૧ અને ભાગ-૨ હેઠળ આનુષાંગિક કામો કરવા બાબત જેના અનુક્રમે ટેન્ડર આઈ.ડી. નં. ૧૩૮૨૭૫, ૧૩૮૨૮૧ તથા ૧૩૮૩૨૧, ૧૩૮૩૩૩ અને ૧૩૮૪૩૦, ૧૩૮૫૦૭ છે (૨) આ છ કામોની અંદાજિત કિંમત રૂ. ૪૩૩૭૮.૪૫ લાખ છે (૩) ભાવો ભરવાની છેલ્લી તા. ૧૫-૨-૨૦૧૪ (૪) સીલબંધ કવર લેવાની છેલ્લી તા. ૧૫-૨-૨૦૧૪ રાખેલ છે. જે કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.org તથા http://gwssb.nprocure.com, www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો માટે કચેરી સમય દરમિયાન કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આકાર કોમ્પલેક્ષ, શામળાજી રોડ, મોડાસા. ફોન નં. ૦૨૭૭૪-૨૪૨૦૩, ફેક્સ નં. ૦૨૭૭૪-૨૪૭૩૦૫ (મો. ૯૯૭૮૪૦૬૭૩૯) પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબ સાઈટ ઉપર જોવા મળશે. **ક્રમાંક નામાનિ/હિંમત/૪૭૬/૨૦૧૪**